Government of Gujarat

# FEE REGULATORY COMMITTEE (TECHNICAL)

*Constituted under Section 9(1) of the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 (Gujarat Act No. 2 of 2008)*

2nd Floor, Room No. 126, ACPC Building, L. D. College of Engineering Campus, Opp. Gujarat University, Navrangpura, AHMEDABAD-380015. **Email:** frctechguj@gmail.com frctech-dte@gujarat.gov.in
**Phone:** 079-26302937 **Fax:** 079-26304118 **Website:** www.frctech.ac.in

નં. એફ.આર.સી/૨૦૨૩/ફી-બ્લોક/૨૦૨૩-૨૬/પ્ર.ત./૪૭ તા.૨૦/૦૪/૨૦૨૩

**અગત્યનું/ સમયમર્યાદા**

પ્રતિ,

તમામ સ્વ-નિર્ભર સંસ્થાઓ નાં આચાર્યશ્રી/ડીનશ્રી,

મહાશય,

સવિનય જણાવવાનું કે સમિતિ દ્વારા આગામી ફી બ્લોક ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ નાં સમયગાળા માટે રાજ્ય માં ચાલતી, ગુજરાત વ્યવસાયિક ટેકનીકલ કોલેજો અને સંસ્થાઓ (પ્રવેશ અને ફી નિર્ધારણ) કાયદો ૨૦૦૭, ગુજરાત કાયદા ક્રમાંક ૦૨-૨૦૦૮ ની કલમ ૨(કે) અંતર્ગત જાહેર કરાયેલ વ્યવસાયિક અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓ ની ફી નિયમન કરવા નું કાર્ય હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાત વ્યવસાયિક ટેકનીકલ કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ માં ગુજરાત સરકાર દ્વારા માહે ડીસેમ્બર-૨૦૧૯ માં કાયદા ક્રમાંક ૩૦-૨૦૧૯ થી સુધારો કરાયેલ છે, જે સમિતિ ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

તમામ સ્વનિર્ભર સંસ્થાઓએ આ પરિપત્ર માં દર્શાવાયેલ સુચનાઓ મુજબ નિયત સમયમર્યાદા માં નીચેની કામગીરી અચૂકપણે પૂર્ણ કરવાની રહેશે.

(૧) તમામ સંસ્થાઓએ ફી નિયમન સમિતિ ના ઓનલાઇન પોર્ટલ ઉપર લોગીન કરીને જરૂરી માહિતી તા. ૧૦/૦૫/૨૦૨૩ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં અપલોડ કરવાની રહેશે. આ માટે જરૂરી લોગીન ક્રેડેન્શીયલ ની વિગતો સમિતિ ખાતે નોંધાયેલા ઈ-મેઈલ ના માધ્યમથી સંસ્થાઓને મોકલવા માં આવેલ છે.

(૨) જે સંસ્થાઓ, આગામી ફી બ્લોક ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ ના સમગ્ર સમયગાળા દરમ્યાન, પોતાના વર્ષ ૨૦૨૨-૨૩ ના બેઝ નોશનલ ફી ના હયાત માળખા માં ***૫% થી વધુ ફી વધારો સુચવવા માંગતી હોય*** તે સંસ્થાઓએ તે મુજબ ની સંમતિ ઓનલાઈન પોર્ટલ ના માધ્યમથી આપવાની રહેશે. **આ સંસ્થાઓ માટે ફી માળખા ની દરખાસ્ત મંગાવવાની પ્રક્રિયા આગામી સમય માં શરુ કરવામાં આવશે અને તે માટે સંસ્થાના નોંધાયેલ ઈ-મેઈલ પર ટૂંક સમય માં સૂચના આપવામાં આવશે.**

(૩) જે સંસ્થાઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી નવી શરૂ થઈ છે અથવા હયાત સંસ્થાઓ માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી નવા અભ્યાસક્રમો શરૂ થયા છે અથવા અન્ય કોઈપણ કારણસર જે સંસ્થાઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી ફી નિયમન સમિતિ (ટેકનીકલ) ના કાર્યક્ષેત્ર માં નવી ઉમેરાઈ છે અને જેઓના ફી નિયમન સમિતિ ના ઓનલાઇન પોર્ટલ ઉપર લોગીન માટે જરૂરી લોગીન ક્રેડેન્શીયલ બન્યા નથી તેઓએ પોતાની ફી દરખાસ્ત રજુ કરવા માટે મોડા માં મોડું તા. ૦૬-૦૫-૨૦૨૩ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં (૧) સંચાલક મંડળનો ઠરાવ (૨) નવો અભ્યાસક્રમ શરૂ કરવા માટેનો AICTE કે અન્ય સંબંધિત વૈધાનિક સંસ્થાનો મંજુરી પત્ર અને (૩) સંબંધિત યુનીવર્સીટી નો એફીલીએશન લેટર (લાગુ પડતું હોય તો) સાથે ફી નિયમન સમિતિ ની કચેરી, રૂમ ૧૨૬, બીજો માળ, એડમીશન સમિતિ બિલ્ડિંગ, લા.દ.ઇજનેરી મહાવિદ્યાલય, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે કામકાજ ના દિવસો દરમ્યાન રૂબરૂમાં સંપર્ક કરવાનો રહેશે.

(૪) રાજ્ય સરકાર દ્વારા કાયદા ક્રમાંક ૩૦-૨૦૧૯ થી કરાયેલ સુધારા ને ધ્યાને લઈ ને જે સંસ્થા, અગામી ફી બ્લોક ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ નાં સમગ્ર સમયગાળા દરમ્યાન, પોતાના વર્ષ ૨૦૨૨-૨૩ ના બેઝ નોશનલ ફી ના હયાત માળખા માં ***૫% ની મર્યાદા માં ફી વધારો સુચવવા માંગતી હોય*** તેવી સંસ્થાઓએ સંમતિ આપી નીચે જણાવેલ પ્રક્રિયા અનુસરવાની રહેશે.

**પ્રથમ તબક્કો:-**

જો સંસ્થા, ફી નિયમન સમિતિ દ્વારા નિયત કરાયેલ, વર્ષ ૨૦૨૨-૨૩ ના બેઝ નોશનલ ફી ના હયાત માળખા માં, આગામી ફી બ્લોક ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ નાં સમગ્ર સમયગાળા દરમ્યાન:-

(૧) ૫% ની મર્યાદા માં ફી વધારો સૂચવતા હોય અથવા

(૨) ફી માં કોઈ વધારો ન સૂચવતા હોય અથવા

(૩) ફી માં ઘટાડો સૂચવતા હોય,

તો, સંસ્થાએ ફી નિયમન સમિતિ નાં વેબ-પોર્ટલ પર લોગીન કર્યા બાદ, નીચે મુજબ ની કાર્યવાહી કરવાની રહેશે.

(અ) સંસ્થા નાં સંચાલક મંડળ દ્વારા ફી સબબ કરાયેલ ઠરાવ અપલોડ કરવાનો રહેશે. (નમુનો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.)

(બ) ફી નિયમન સમિતિ નાં વેબ-પોર્ટલ પર થી "Declaration Cum Undertaking" નો નમુનો મેળવી તેમાં જરૂરી વિગતો ભરી, રૂ. ૩૦૦/- નાં સ્ટેમ્પ પેપર પર સંસ્થા નાં અધિકૃત પ્રતિનિધિ/આચાર્યશ્રી એ Executive Magistrate/Notary ની સમક્ષ સહી-સિક્કા કરી "Declaration Cum Undertaking" અપલોડ કરવાનું રહેશે (નમુનો વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.)

(ક) સંસ્થા દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ ફી ની વિગતો અને મૂળભૂત માહિતી ભરવાની રહેશે.

(ડ) જરૂરી નિર્ધારિત પ્રોસેસિંગ ફી પણ ઓનલાઈન ભરવાની રહેશે.

(ઈ) આખરી સંમતિ આપવાની રહેશે જેના માટે સમિતિ ખાતે નોંધાયેલ સંસ્થાના મોબાઈલ નંબર પર OTP આવશે.

સંસ્થાએ ઉપરોક્ત જણાવેલ કામગીરી તા. ૧૦/૦૫/૨૦૨૩, સાંજના ૫.૦૦ કલાક સુધી માં પૂર્ણ કરવાની રહેશે.

ત્યારબાદ, નીચે મુજબના અસલ દસ્તાવેજો ની ફાઈલ સમિતિ ખાતે **રૂબરૂ માં તા. ૧૭/૦૫/૨૦૨૩ સાંજના ૫.૦૦ કલાક** સુધી માં પહોચાડવાની રહેશે.

(૧) સંચાલક મંડળનો ઠરાવ
(૨) Executive Magistrate/Notary ની સમક્ષ સહી-સિક્કા કરેલ "Declaration Cum Undertaking"
(૩) ઓનલાઇન પોર્ટલ પર ભરેલ પ્રોસેસિંગ ફી ની પહોચ
(૪) AICTE કે અન્ય સંબંધિત વૈધાનિક સંસ્થાનો મંજુરી પત્ર અને
(૫) સંબંધિત યુનીવર્સીટી નો એફીલીએશન લેટર (લાગુ પડતું હોય તો)

વિશેષ માં, સદર બાબતે કોઈ મુંઝવણ જણાય તો સમિતિ નાં ઈ -મેઈલ frctech.dte@gujarat.gov.in પર સંપર્ક કરવો. ઈ -મેઈલ દ્વારા સંપર્ક વખતે સંસ્થા નું નામ, અભ્યાસક્રમ અને પ્રિન્સીપાલશ્રી નો મોબાઈલ નંબર અવશ્ય લખવા વિનંતી છે.

ખાસ ફરજ પર નાં અધિકારી